# સાહિત્ય અકાદમી નવી દિલ્હી દ્વારા ઈડરમાં કવિ સંમેલન યોજાયું



ફોટો :મિહિર શાહ

**સ્પિટલેન્સ**

સાહિત્ય અકાદમી નવી દિલ્હી અને ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ સંચાલિત ઇડર આંજણા પાટીદાર એચ.કે.એમ આર્ટ્સ અને પી. એન. પટેલ કોમર્સ કોલેજ ઇડરના ઉપક્રમે અને ગુજરાતી વિભાગ દ્વારા આયોજિત ગ્રામ લોક અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના કવિઓનું કવિ સંમેલન યોજાયું. કાર્યક્રમના અધ્યક્ષ મહોદયશ્રી ડૉ.દીપક રાવલના યજમાન પદે આ કવિ સંમેલનમાં કેળવણી મંડળના પ્રમુખશ્રી અશ્વિનભાઈ એમ. પટેલ, મંત્રીશ્રી જીતુભાઈ એમ. દેસાઈ અને આ કવિ સંમેલનમાં જાણીતા કવિ રામચંદ્ર પટેલ ,આબિદ ભટ્ટ, રામજી ખેરોલિયન, ઈસુ દાન ગઢવી અને પ્રાગજીભાઈ ભાંભીએ પોતાની કાવ્ય કૃતિઓનો કાવ્યપાઠ કર્યો હતો. કાર્યક્રમના આરંભે કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.ભાનુભાઈ રોહિત દ્વારા ઉપસ્થિત કવિઓનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુંહતું. કાર્યક્રમના આરંભે સાહિત્ય અકાદમીના સભ્ય અને આ કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. દીપક રાવલ દ્વારા આ કાર્યક્રમની ભૂમિકા બાંધવામાં આવી હતી ત્યારબાદ ઉપસ્થિત કવિઓ પોતાની ત્રણ-ત્રણ કૃતિઓનો કાવ્ય પાઠ કર્યો હતો. કાર્યક્રમને અંતે ડૉ. મનુબેન પટેલ આભાર વિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ હિંમતનગરના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ.ઉત્પલ પટેલે સંભાળ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંકલન ગુજરાતી વિભાગના ડૉ.ભીખાભાઈ પટેલ નેહલ પાઠક અને ડૉ.કલ્પના ભાભોરે કયુ હતું. આ કાર્યક્રમમાં અધ્યાપકો સાહિત્ય રસિકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.